Letter No: TDD/0288/03/2023 Dt: 27-03-2023



અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની ટેબ્લેટ સહાય યોજના અંતર્ગત ધોરણ-૧૨માં ૭૦%ની મર્યાદાને દૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: TDD/MSM/e-file/25/2022/0610/G Section

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૨/૪/૨૦૧૭, ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ

(૨) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૬/૧/૨૦૧૯, ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૧૪-ન.બા.૩૪૭-અ.૧

(૩)અદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૭/૦૯/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:પરચ/૨૦૨૦૧૪/૧૧૫૧/ગ

(૪)નિયામકશ્રી(આ.વિ)ની કચેરી,ગાંધીનગરનો તા.૧૩/૦૫/૨૦૧૯નો પત્ર નં.આવિ/શિક્ષણ/ફા. નં.૧૦૫૩/૨૦૧૯-૨૦/૪૧૭

(૫)નિયામકશ્રી(આ.વિ)ની કચેરી,ગાંધીનગરનો તા.૧૩/૦૫/૨૦૧૯નો પત્ર નં.આવિ/શિક્ષણ/ફા. નં.૧૦૫૩/૨૦૧૯-૨૦/૧૯૭૦

(૬)નિયામકશ્રી(આ.વિ)ની કચેરી,ગાંધીનગરનો તા.૩૦/૧૨/૨૦૧૯નો પત્ર નં.આવિ/શિક્ષણ/ફા. નં.૧૦૫૩/૨૦૧૯-૨૦/૨૦૯૭

(૭)નિયામકશ્રી(આ.વિ)ની કચેરી,ગાંધીનગરનો તા.૧૯/૦૯/૨૦૨૨નો પત્ર નં.આવિ/શિક્ષણ/ફા. નં.૧૦૫૩/૨૦૨૨-૨૩/૧૬૩૧

**આમુખ:**

ઉપર્યુકત વંચાણે લીધેલા ક્ર:(૩) સામેના ઠરાવથી ધોરણ ૧૨માં ૭૦% કરતા વધુ માર્કસ મેળવનાર અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને તેઓના માતા-પિતા/વાલીની વાર્ષિક આવકને ધ્યાને લીધા સિવાય આ વિભાગ દ્વારા "વિના મુલ્યે ટેબ્લેટ સહાય આપવાની યોજના " હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ શિક્ષણ વિભાગની યોજના હેઠળ રૂ.૧૦૦૦/-ફી જમા કરાવેલ હોય તો તેવા લાભાર્થીઓને તેમણે ભરેલ રૂ.૧૦૦૦/-ની ટોકન ફીનું પરત ચૂકવણું(reimbursement)આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવશે, તેમ જોગવાઇ થયેલ છે.

ઉપરોકત વંચાણે લીધેલ ક્ર:(૪) થી (૭) સામેના નિયામકશ્રી (આ.વિ)ની કચેરીના પત્રોથી સદરહુ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ટેબ્લેટ સહાય યોજના અંતર્ગત ધોરણ-૧૨માં ૭૦%ની ટકાવારીની મર્યાદાને દૂર કરવા અત્રે દરખાસ્ત કરેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે આ વિભાગ હેઠળની સંદરહુ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની ટેબ્લેટ સહાય યોજના અંતર્ગત ધોરણ-૧૨માં ૭૦% ગુણની મર્યાદાને આથી રદ કરવામાં આવે છે. એટલે કે આ વિભાગ હેઠળની અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની ટેબ્લેટ સહાય યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની કોઇ ટકાવારી ધ્યાને લીધા વિના રુ.૧૦૦૦ ની રકમ ની સહાય આપવાની રહેશે.

આ યોજના અંતર્ગતની અગાઉના ઠરાવોની અન્ય શરતો અને જોગવાઇઓ યથાવત રહેશે અને તેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ફાઇલ ક્ર:સશપ/૧૦૨૦૧૪/ન.બા.૩૪૭/અ.૧ ઉપર નાણા વિભાગની તા.૨૯/૧૦/૨૦૨૨ની નોંધથી તથા સરકારશ્રીની તા.૩૦/૧૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

Signature valid
Signed by:D L Parmar
Joint Secretary
Date: 2023.03.28
13:36:14 +05:30

File No: TDD/MSM/e-file/25/2022/0610/G Section
Approved By: S Murli Krishna(Head,TDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. એલ. પરમાર)

સંયુક્ત સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (નિયામકશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ્રાન્ટની ફાળવણી બાબતે આ ઠરાવમાં સૂચવ્યા મુજબની જરૂરી કાર્યવાહી માટે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઈલ-૨૦૨૩

---------------------

1. પત્ર દ્વારા

Signature valid
Signed by:D L Parmar
Joint Secretary
Date: 2023.05.28
13:36:14 +05:30

File No: TDD/MSM/e-file/25/2022/0610/G Section
Approved By: S Murli Krishna(Head,TDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*